# આજે કલોલના જાસપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

આજે કલોલ તાલુકાના જાસપુર ખાતે તાલુકા કક્ષાનો પ્રથમ સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવશે.

આ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમ થકી જાસપુર અને આસપાસના ૧૦ જેટલા ગામના લોકોનું એક કલસ્ટર બનાવવામાં આવ્યું છે. જેમાં ૮ પ્રકારની તત્કાલ સેવાઓ લોકોને પ્રાપ્ત થશે.

આ સેવા સેતુ કાર્યક્રમમાં આવક, જાતિ, ક્રિમીલેયર, ડોમીસાઈલ, પ્રમાણપત્રોને લગતા દાખલા, રેશન કાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ માટેની અરજીઓ, વરિષ્ટ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતાના પ્રમાણપત્ર વિવિધ શૈક્ષણિક સ્કોલરશીપની યોજનાના લાભ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

ગ્રામીણ વિસ્તારના પ્રજાજનોને તાલુકા અને જિલ્લા કચેરી સુધી ધક્કા ખાવા ન પડે તે માટે સરકારે દસ ગામોનું કલસ્ટર બનાવી અને આવા કેમ્પો યોજી લાભો લોકો સુધી પહોંચે તે માટે સેવા સેતુ કાર્યક્રમો યોજવાનો નિર્ણય કરેલ છે જે નોંધનીય છે.

આ માટે તંત્ર દ્વારા અરજદારોને જરૂરી વિગતો સાથે અને પાસપોર્ટ સાઈઝના ૩ ફોટોગ્રાફસ સાથે હાજર રહેવા માટે પુરતો પ્રચાર પણ કરવામાં આવ્યો હોવાનું જિલ્લા પ્રશાસનના સૂત્રોએ જણાવ્યું છે.

દરેક તાલુકામાં આવા કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી ૯૦ બસોની ગતિમાં સુધાર

## ૭૯૮ ટ્રીપોની ગતિ સુધારતા મુસાફરી ઝડપી બનશે : જીપીએસ મોનીટરીંગ સિસ્ટમથી પણ મુસાફરોને ફાયદો થશે

ગાંધીનગર તા ૪

ગુજરાત રાજય વાહન વ્યવ્હાર નિગમ દ્વારા સલામત સવારીની ગતિ મર્યાદામાં વધારો કરી નવા વર્ષે મુસાફરોને એસ ટી ની ઝડપી સેવા ઉપલબ્ધ થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગાંધીનગર અમદાવાદ રૂટમાં દોડતી એસ ટી ની ૯૦ બસો પણ હવે પ્રતિકલાક પાંચ કી મી વધુ ઝડપથી દોડશે. એસ ટી ની લોકલ બસની સ્પીડ પ્રતિકલાક ૬૦ કીમી ની નિયત કરવામાં આવી છે. જયારે હવે સલામત સવારી ૬૫ ની ઝડપે દોડશે.

સલામત સવારી એસ ટી અમારી ના સ્લોગન સાથે દોડતી એસ ટી બસો કાચબા ગતિએ દોડતી હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે ધીમી ગતિની બસસેવાથી મુસાફરો પણ પરેશાન થઈ ગયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. મુસાફરોની ફરિયાદોને ધ્યાને લઈ ગુજરાત વાહન વ્યવ્હાર નિગમ દ્વારા એસ ટી ની બસોમાં ગતિ મર્યાદા વધારી દેવા માટે નિર્ણય લેવાયો છે. નિગમના સચિવ કે ડી દેસાઈના જણાંવ્યા મુજબ ગુજરાત એસ ટી નિગમ દ્વારા દરરોજ ૮ હજાર કાફલા થકી ૧૫ હજાર રૂટ પર ૪૪ હજાર ટ્રીપોનુ સંચાલન કરવામાં આવે છે. રાજયના ૯૮ ટકા મુસાફરોને સેવા પુરી પાડવામાં આવે છે. જયારે સલામત સવારી એસ ટી અમારી ના સ્લોગનને અનુરૂપ એસ ટી બસોની ગતિ મર્યાદા પણ તે મુજબ નક્કી કરવામાં આવી હતી. પરંતુ સમય જતા રોડ નેટવર્ક પણ અપગ્રેડ થતા ઝડપી યુગમાં ટેકનોલોજીના વિકાસ સાથે આમ નાગરિકોને સમયસર અને ઝડપી બસ સેવા પુરી પાડવા માટે એસ ટી ની ગતિ મર્યાદામાં સુધારો કરવામાં આવ્યો છે. આ અંગે સરકાર દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ હવે એસ ટી બસની સુધારા સાથેની ગતિ મર્યાદામાં વોલ્વો ,સ્લીપર કોચ,ગુર્જર નગરી,એક્ષપ્રેસ બસો તેમજ અન્ય હાઈ એન્ડ બસોની સ્પીડ ૮૦ કી મી પ્રતિકલાક નિયત કરવામાં આવી છે. જયારે લોકલ બસોની સ્પીડમાં પણ કલાકના પ્રતિ પાંચ કી મી વધારી ૬૦ ના બદલે ૬૫ કરવામાં આવી છે. એસ ટી દ્વારા નિયત ગતિ મર્યાદામાં સુધારો કરવામાં આવતા મુસાફરોને ઝડપી બસ સેવા મળશે. જયારે જી પી એસ મોનિટરીંગ સિસ્ટમના આધારે મુસાફરોને પણ લાભ મળશે.

**ટચુકડી જાહેરાત - ૨૦૧૬-૧૭**

**બીજો પ્રયત્ન**

કમિશનરશ્રી, ખોરાદ અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના મુખ્ય મથક ખાતે ફેક્સ મશીન નંગ-૨ (બે)ની ખરીદી માટે ઓફર મંગાવવામાં આવે છે. તા. ૪/૧૧/૨૦૧૬થી તા. ૨૮/૧૧/૨૦૧૬ સુધી ૧૧ થી ૧૭ કલાક સુધીમાં દર્શાવેલ તારીખ મુજબ રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી ઉપર દર્શાવેલ સરનામે ભાવપત્રક મોકલી આપવાના રહેશે. ભાવપત્રક સ્વીકારવા / નસ્વીકારવા તેનો ઉપર જણાવેલ કચેરીનો હક્ક અબાધિત રહેશે.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૯૨૮૧૬-૧૭



જગતના તાતનો પુરુષાર્થ - ડાંગર વાવતા ખેડૂતો લણણી બાદ ડાંગરમાંથી દાણા કાઢવાની અલબત્ત ચોખાના દાણા છૂટા કરવાનો પુરુષાર્થ... ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ડાંગરની વાવણી કરતા ખેડૂતોની સંખ્યા નોંધપાત્ર છે... આજકાલ ખેડૂતો ડાંગરના પાકને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે... પ્રસ્તુત તસ્વીર જગતના તાતના પુરુષાર્થને અભિવ્યક્ત કરે છે...

# સે. ૭, ૮, ૧૩ અને ૨૮માંથી ડેન્ગ્યુના સાત કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસમાં સાત ડેન્ગ્યુના કેસ નોંધાતા તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે સે. ૭, ૮, ૧૩ અને ૨૮માંથી આ કેસો મળી આવ્યા છે. જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધી ૯૬ પર પહોંચી છે. આ વખતે યુવાન દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી છે તે પણ એક નોંધનીય ઘટના છે.

શહેરમાં દિપાવલી પછી જે રીતે ડેન્ગ્યુના દર્દીઓ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. સે. ૭, ૧૩ અને ૨૮માંથી કેસો જે રીતે મળી રહ્યા છે તેનાથી તંત્ર વધુ ચિંતાતુર બન્યુ છે.

આ ત્રણેય સેકટરમાં આ વખતે ડેન્ગ્યુના કેસો અન્ય સેક્ટરોની તુલનામાં વધુ સંવેદનશીલ બન્યા છે એટલું જ નહિ અહિ કેસો પણ વધુ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે તંત્રએ પોરાનાશક અને એન્ટી લારવેલની કામગીરી કરી છે તે પછી પણ દિપાવલી બાદ કેસો મળતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે. જો કે તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. છુટાછવાયા કેસો નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસમાં મળેલા દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારોમાં તંત્રની ટીમે સર્વેલન્સ કરી અને એન્ટી લારવેલની કામગીરી પણ હાથ ધરી છે.

# લાભ પાંચમે કલાકારોનું શુભ મુહૂર્ત એટલે સુરમધુરનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

લાભ પાંચમ એટલે દિવાળીના તહેવાર બાદ નૂતન વર્ષે પોતાના વેપાર-ધંધા-વ્યવસાયને નવેસરથી પ્રારંભ કરવાનું શુભ મુહૂર્ત. આ દિવસે તમામ દુકાનદારો પોતાની દુકાન ખોલી વેપારનો પ્રારંભ કરે તે શુભ ગણાય છે. જો કે જે દુકાનદાર હોય કે વ્યવસાયિક ધંધાર્થી હોય તેના માટે આ મુહૂર્ત કરવુ બરાબર છે પરંતુ જે વ્યક્તિ કલાકાર હોય અને પોતાની કલા થકી આજીવિકા રળતો હોય તેનું શું ? તેમણે પોતાનું મુહૂર્ત કેવી રીતે કરવું ? આ મુંઝવણનો ઉકેલ ગાંધીનગરમાં છેલ્લા ૨૧ વર્ષથી "સુરમધુર" સંસ્થાએ પુરો પાડ્યો છે અને હવે ૨૨મા વર્ષે પણ પુરો પાડવા જઈ રહી છે.

**સતત ૨૨માં વર્ષે સુરમધુર ગાંધીનગર જિલ્લાના તમામ ક્ષેત્રના કલા-કસબીઓને લાભ પાંચમે "મુહૂર્ત" કરાવશે**

સતત ૨૨માં વર્ષે "સુરમધુર" સંસ્થા દ્વારા ગાંધીનગરના કલા-કસબીઓ અને કલારસિકો માટેના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન કાર્યક્રમ સુરમધુર સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મયંક દવેના સેક્ટર-૪-એ ખાતેના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૮૭/૨ "સ્નેહ-રજની" ખાતે સાંજે ૭ થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. આ સ્નેહમિલન ગાંધીનગર જિલ્લાના તમામ ક્ષેત્રના કલાકારો "લાભ પાંચમ"ના દિવસે શુભ મુહૂર્તમાં પોતાના નવા વર્ષનો પ્રારંભ મા સરસ્વતી સમક્ષ કરી શકે અને એકબીજાને મળી શકે તેવા ઉમદા હેતુથી સુરમધુર ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ આયોજિત કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં પધારવા જિલ્લાના તમામ કલાકારોને સુરમધુર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મયંક દવે તથા અન્ય ટ્રસ્ટીઓ ડૉ. વિજય ઉપાધ્યાય, સ્મિતા અધ્વર્યુ, વિણાબેન દવે વગેરેએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

સુરમધુરના સ્નેહમિલનમાં મા સરસ્વતી સમક્ષ પોતાની કૃતિ પ્રસ્તુત કરવા માંગતા કલાકારોએ સંસ્થાને અગાઉથી જાણ કરવા તથા પોતાની પ્રસ્તુતિના "સાઉન્ડ ટ્રેક'ને એમપીથ્રી ફોર્મેટમાં અગાઉથી જમા કરાવવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ૨૦૧૪-૧૫માં બે ટકા પ્રસુતિઓ ઘરમાં નોંધાઈ હોવાની હકીકતો બહાર આવી

## બે જ વર્ષના તંત્રના સઘન પ્રયાસોથી ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ અને સ્ત્રી જન્મદરમાં સુધાર નોંધાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૪-૧૫માં બે ટકા પ્રસુતાઓને તેમના ઘરે પ્રસુતિ કરાવવામાં આવી હોવાનું બહાર આવવા પામ્યું છે. જો કે ૨૦૧૬-૧૭માં ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ થઈ હોવાનો તંત્રએ દાવો કર્યો છે.

૨૦૧૪-૧૫ના આ આંકડાઓ બહાર આવ્યા બાદ તંત્રએ સંસ્થાકીય પ્રસુતિ માટે હાથ ધરેલી સઘન ઝુંબેશને પરિણામે ૨૦૧૫-૧૬માં માત્રને માત્ર ૦.૦૨ ટકા જ કેસો આવા નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોનું કહેવું છે.

જ્યારે ૨૦૧૬-૧૭માં તંત્ર દ્વારા આ સામે વધુ ઘનિષ્ટ ઝુંબેશ હાથ ધરાઈ હતી તેમજ હાઈરીસ્ક પ્રસુતાઓની સારવાર સહિતની અદ્યતન સારવારોએ પરિસ્થિતિમાં ભારે બદલાવ આણ્યો છે અને ચાલુ વર્ષે ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિઓ નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે સરકારી હોસ્પિટલોમાં નોંધાયેલ પ્રસુતિની ૪૭ ટકા જેટલી પ્રસુતિ થઈ છે. જ્યારે બાકીની ખાનગી હોસ્પિટલોમાં નોંધાઈ છે.

જિલ્લામાં ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ થાય તે માટે અનેકવિધ શિબિરો અને મહિલા જાગૃતિના કાર્યક્રમો તંત્ર દ્વારા કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં જાગૃતિ અભિયાન છેડવાના પગલે સ્ત્રી જન્મદરમાં પણ ૨૦૧૧ની તુલનામાં ૨૦૧૬માં સારો એવો વધારો નોંધાયો હોવાનો દાવો પણ તંત્રના વર્તુળો કરી રહ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૪૦ જેટલા ગામો એવા હતા જ્યાં સરેરાશ કરતાં પણ નીચો સ્ત્રી જન્મદર નોંધાયો હતો. ૨૦૧૬માં જિલ્લાનો સ્ત્રી જન્મદર સુધરીને ૯૦૫ પર પહોંચ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.



ગાંધીનગરની સરહદે ઈન્દિરા બ્રિજ પાસે સાબરમતી નદીમાં સિંધી સમાજ દ્વારા વિશેષ પુજા કરવામાં આવી હતી જેના ભાગરૂપે પૂજન બાદ હાટડીને વિસર્જન કરવામાં આવ્યું હતું.

# દાહોદ- જાલોદ રૂટની ખાસ બસો દોડાવી એસ.ટી.એ ૫.૫૦ લાખની આવક કરી

## ધનતેરસથી દિવાળી સુધી એસ ટી એ ૪૨ વધારાની ટ્રીપો દોડાવી

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપોએ દિવાળી દરમિયાન દાહોદ ,જાલોદ અને સંતરામપુર વિસ્તારમાં ત્રણ દિવસ માટે ૪૨ ટ્રીપ દોડાવી રૂ ૫.૫૦ લાખની આવક કરી છે. ડેપો તંત્ર દ્વારા ધનતેરસથી દિવાળી દરમિયાન આ ખાસ ટ્રીપો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. દિવાળીના તહેવારમાં આ રૂટ તરફ વધુ ટ્રાફિક રહેતો હોવાથી તંત્ર દ્વારા દરવર્ષે વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવે છે.

દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની સંખ્યા વધતા એસ ટી તંત્ર દ્વારા ખાસ રૂટોમાં વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવે છે. એસ ટી ની સલામત સવારી સૌ કોઈને નસીબ થાય તે માટે વેકેશનના સમયગાળા દરમિયાન પણ એસ ટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવાય છે. જયારે દિવાળીના તહેવારોના સમયગાળા દરમિયાન દાહોદ જાલોદ તેમજ સંતરામપુર જેવા વિસ્તારમાં વતન જવા માટે શ્રમિકવર્ગ સહીત આમ મુસાફરોની પણ ભીડ ભાડ જોવા મળે છે. જેને ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા દરવર્ષે આ રૂટ માટે વધારાની બસ સેવા ઉપલબ્ધ કરવામાં આવે છે. આ વર્ષે પણ એસ ટી ડેપો દ્વારા દાહોદ જાલોદ તેમજ સંતરામપુર સહીતના વિસ્તારમાં ત્રણ દિવસ માટે ખાસ બસો દોડવામાં આવી હતી. જેમાં ધનતેરસ થી લઈ દિવાળી સુધીના ત્રણ દિવસમાં તંત્ર દ્વારા મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ ૪૨ ટ્રીપ દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. એસ ટી ની આ વિશેષ બસ સેવાના લીધે આ રૂટમાં જતા મુસાફરોને સમયસર ઝડપી બસ સેવા ઉપલબ્ધ થઈ હતી જયારે રૂટમાં વધુ ટ્રાફિક રહેતા એસ ટી ડેપોને પણ દિવાળી દરમિયાન નોંધપાત્ર આવક થઈ છે. સુત્રોના જણાંવ્યા મુજબ ડેપોને આ રૂટમાં બસોના સંચાલનના અંતે રૂ ૫.૫૦ લાખની આવક થઈ છે. અગાઉ અંબાજી ભાદરવી પુનમ નિમિત્તે પણ વધારાની બસો દોડાવાનુ એસ ટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ.













